દાખલ તારીખ : ૨૪/૦૧/૨૦૨૦

નોંધણી તારીખ: ૨૪/૦૧/૨૦૨૦

નિકાલ તારીખ: ૨૬/૦૨/૨૦૨૧

| સમય: | વર્ષ | માસ | દિવસ |
|---|---|---|---|
| | ૦૧ | ૦૧ | ૦૨ |

सत्यमेव जयते

**ભચાઉના એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટની કોર્ટમાં,**
**મુ.ભચાઉ–કચ્છ.**

**ફો.પ.અ.નં.૯/૨૦૨૦**
**આંક–૧૭**

**અરજદાર :** **ગોવા દેવા ઢાઢી(પટેલ)**
ઉ.વ.આ.૮૦, ધંધો–ખેતી,
રહે. ઠે.પટેલવાસ,ગામ–ખારોઈ,
તા.ભચાઉ, જી.કચ્છ.

**વિરૂધ્ધ**

**સામાવાળા :** **જન્મ–મરણ નોંધણી અધિકારીશ્રી,**
**અને તલાટી કમ મંત્રીશ્રી**
ખારોઈ ગ્રામ પંચાયત કચેરી,
મુ.ખારોઈ,તા.ભચાઉ, જી. ભુજ–કચ્છ.

---

**જન્મ મરણ નોંધ અધિનિયમ ૧૯૬૯ની કલમ : ૧૩(૩) મુજબની અરજી**

---

અરજદાર તરફે : વિ.વકીલશ્રી આર.આર.રાઉમા
સામાવાળા તરફે : ––

---

ઠ રા વ

(૧) અરજદારની અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના અરજદાર કચ્છ જીલ્લાના ભચાઉ તાલુકાના ખારોઈના રહેવાસી છે અને અરજદારના લગ્ન આજથી ૬૪ વર્ષ અગાઉ '' રામાબેન'' સાથે થેલા અને આ લગ્નજીવનથી ત્રણ સંતાન થયેલ છે જે પૈકી તેઓની પુત્રી''

**દિપાલી ગોવા ઢાઢી'' નો જન્મ** ભચાઉ તાલુકાના ખારોઈ ગામે **તારીખ : ૦૧/૦૬/૧૯૭૪** નાં રોજ ઘરે જ થયેલ અને કાયદાકીય અજ્ઞાનતાના કારણે અને સમજણના અભાવના કારણે સામાવાળાની કચેરીમાં તેના જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ તથા તેમને હાલમાં તેઓની પુત્રીને ઈન્કમટેક્ષમાં રીટર્ન ફાઈલ કરવાની માટે તેમજ પાસપોર્ટ કઢાવવા માટે જન્મના પ્રમાણપત્રની જરૂરીયાત હોવાથી નિયમાનુસારની લેઈટ ફી લઈ સામાવાળા તેઓની પુત્રી દિપાલી ગોવા ઢાઢીના જન્મનું પ્રમાણપત્ર કાઢી આપે તેવી દાદ માંગેલ છે.

(૨) આ કામે અરજદાર તરફે નીચે મુજબનો પુરાવો રજુ કરેલ છે.

| **અનુક્રમ** | **આંક** | **પુરાવાનો પ્રકાર** |
|---|---|---|
| ૦૧ | ૦૭ | અરજદાર ગોવા દેવા ઢાઢીનું સોગંદનામું |
| ૦૨ | ૦૮ | સાહેદ શીવુભા વેલુભા જાડેજાનું સોગંદનામું |
| ૦૩ | ૦૯ | સાહેદ રામજી રવજી કાવત્રાનું સોગંદનામું |
| ૦૪ | ૧૦ | સાહેદ–નરશી ખીમા ઢાઢીનું સોગંદનામું |
| ૦૫ | ૧૧ | સામાવાળા–તલાટી મંત્રી ખારોઈ શ્રી ચરકટા કેશરભાઈ વેરશીભાઈની જુબાની |
| ૦૬ | ૧૨ | તલાટી મંત્રીશ્રી ખારોઈએ આપેલ દાખલો |
| ૦૭ | ૧૩ | સને ૧૯૭૪–૭૫ ની સાલના જન્મ–મરણ નોંધ રજીસ્ટરના ઉતારાની નકલ |
| ૦૮ | ૧૪ | અરજદારનું તાત્કાલિક ઉપયોગ માટેનું સોગંદનામું |
| ૦૯ | ૧૬ | કલોઝીંગ પુરસીસ |

(૩) આ કામે અરજદારને બહોળી પ્રસિધ્ધી ધરાવતા વર્તમાનપત્રમાં જાહેર નોટીસની પ્રસિધ્ધી કરવાનું જણાવતા અરજદારએ તે મુજબ નોટીસની જાહેર પ્રસિધ્ધી કરાવેલ છે.

(૪) સદરહુ અરજી સંદર્ભે સામાવાળાને નોટીસ કરવામાં આવેલ છે જે બાદ સામાવાળા તરફે સાહેદ ચરકટા કેશરભાઈ વેરશીભાઈનાઓએ આંક–૧૧ થી પોતાની સોગંદ પરની જુબાનીમાં

જણાવેલ છે કે,તેઓ ખારોઈ ગ્રામ પંચાયતમાં ફરજ બજાવે છે અને તેઓની ફરજમાં મકાનવેરા,જમીનવસુલ,જન્મ મરણ નોંધ વિગેરે આવે છે. આ કામના અરજદારએ પોતાની પુત્રી દીપાલી ગોવા ઢાઢીનો જન્મ તા.૧/૬/૧૯૭૪ માં નોંધ રજીસ્ટરે નોંધાયેલ નથી તે મતલબનો દાખલો તા.૨૩/૧/૨૦૨૦ ના રોજ આપેલ છે જે અસલ પ્રમાણપત્ર બતાવતા તેમાં તેઓની અગાઉ તલાટી મંત્રીશ્રી જાગૃતિબેન ગજજરની સહી તથા સિકકા છે જે તેઓની સાથે નોકરી કરતા તેઓની સહી ઓળખે છે. જે આ કામે આંક–૧૨ થી રજુ કરેલ છે. તેઓ જન્મના દાખલા માટેનું ૧૯૭૪–૭૫ ના જન્મ–મરણનું રજીસ્ટર સાથે લાવેલ છે જે આ કામે આંક–૧૩ થી રજુ કરેલ છે જેની તપાસ કરીને જણાવે છે કે અરજદારની પુત્રી નામે દીપાલી ગોવા ઢાઢીના જન્મ તા.૧/૬/૧૯૭૪ ના રોજ નોંધણી થયેલ નથી. વધુમાં જણાવેલ છે કે અરજદારની અરજી મુજબ હુકમ થાય તેમાં તેઓને કોઈ વરવાંધો નથી.

(૫) આ કામે અરજદાર તરફે અરજદાર ગોવા દેવા ઢાઢી(પટેલ) નું સોગંદનામું આંક–૭ થી રજુ થયેલ છે જેમાં અરજીની હકીકતો જણાવી અરજીની હકીકતોને સમર્થન આપેલ છે અને જણાવેલ છે કે, તેઓ અરજદાર કચ્છ જીલ્લાના ભચાઉ તાલુકાના ખારોઈના રહેવાસી છે અને અરજદારના લગ્ન આજથી ૬૪ વર્ષ અગાઉ '' રામાબેન'' સાથે થેલા અને આ લગ્નજીવનથી ત્રણ સંતાન થયેલ છે જે પૈકી તેઓની પુત્રી'' **દિપાલી ગોવા ઢાઢી'' નો જન્મ** ભચાઉ તાલુકાના ખારોઈ ગામે **તારીખ : ૦૧/૦૬/૧૯૭૪** નાં રોજ ઘરે જ થયેલ અને કાયદાનું જ્ઞાન ન હોય સામાવાળાની કચેરીમાં કે ભારતભરના કોઈપણ સ્થળે જન્મ નોંધણી અધિકારી સમક્ષ કરાવી શકેલ નથી કે અન્ય કોઈ જગ્યાએ કરાવેલ નથી. આમ આ સોગંદનામું વંચાણે લેતા અરજદાર ભચાઉ તાલુકાના ખારોઈ ગામના રહેવાસી હોવાનું જણાઈ આવે છે, અને તેમની પુત્રી દિપાલીનો જન્મ કચ્છ જીલ્લાના ભચાઉ તાલુકાના ખારોઈ ગામ મધ્યે તા.૦૧–૦૬–૧૯૭૪ના રોજ તેમના ઘરે થયેલ હોવાનું ફલીત થાય છે. અરજદાર તરફે સાહેદ શીવુભા વેલુભા જાડેજાએ આંક–૮ થી તેમજ સાહેદ રામજી રવજી કાવત્રાએ આંક–૯ થી તેમજ સાહેદ નરશી ખીમા ઢાઢીએ આંક–૧૦ થી શાહેદના પુરાવા

તરીકેનું સોગંદનામું રજુ કરી અરજદારએ કરેલી અરજીને સમર્થનકારી હકીકતો જણાવેલી છે. આમ આ રજુ થયેલ આધારો વંચાણે લેતા અરજદારની અરજીમા જણાવેલી હકીકતને સમર્થન મળે છે.

(૬) આ કામે સામાવાળા ગ્રામપંચાયત, ખારોઈ તલાટીનો પુરાવો આંક–૧૧ તેમજ તેઓએ રજુ કરેલ દાખલો આંક –૧૨ વંચાણે લેતાં અરજદારના પુત્રી દિપાલી ગોવા ઢાઢીના જન્મની નોંધ સને ૧૯૭૪–૭૫ ના જન્મ રજીસ્ટરમાં થયેલ ન હોવાનું ફલીત થાય છે.

(૭) આ કામે જાહેર નોટીસ કચ્છઉદય વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેલ છે તે વર્તમાનપત્ર અંક રજુ છે. આ જાહેર નોટીસ વંચાણે લેતાં અરજદાર ની પુત્રી દિપાલીનો જન્મ તા. ૧/૬/૧૯૭૪ ના રોજ ખારોઈ ગામે તેમના ઘરે થયેલ અને તેઓના ઉકત સંતાનની જન્મનોંધ ખારોઈ ગ્રામ પંચાયતના દફતરે કરાવેલ નથી જેથી તેનો જન્મનો દાખલો ખારોઈ ગ્રામ પંચાયત કાઢી આપે તેવો હુકમ મેળવવા માટે આ અદાલતમાં સદર અરજ કરેલ છે જેથી કોઈને વરવાંધો હોય તો તેઓએ તા.૧૪/૨/૨૦૨૦ ના રોજ કોર્ટ સમક્ષ હાજર રહેવું તેવું જણાવવામાં આવેલ છે. સદર જાહેર નોટીસ તા.૦૬/૦૨/૨૦૨૦ ના અંકમાં પ્રસિધ્ધ થયેલ છે આમ તે તારીખથી તેમજ તે બાદના સમયગાળાનું રેકર્ડ તપાસતાં સદર જાહેર નોટીસમાં દર્શાવેલ હકીકત અંગે કોઈ વાંધા આવેલ ન હોવાનું ફલીત થાય છે.

(૮) આ કામે અરજદારનું તાત્કાલિક ઉપયોગ માટેનું સોગંદનામું આંક–૧૪ થી રજુ કરેલ છે જેમાં અરજદારે જાહેર કરેલ છે કે, તેણીની પુત્રીનું નામ દિપાલી છે અને તેના લગ્ન વામકાના ગણેશ દેવજી પટેલ સાથે થયેલ છે જેઓ હાલે ધંધાર્થે મહારાષ્ટ્ર મધ્યે ન્યુ પનવેલ મુકામે રહે છે અને અરજદારની પુત્રીનું સરનામું જણાવેલ છે તેમજ તેઓની પુત્રી દિપાલીનું નામ લગ્ન પછી દિપાલી ગણેશ પટેલ છે તેવું જાહેર કરેલ છે. વધુમાં આ કામે આંક–૧૫ ના દસ્તાવેજી આધારલીસ્ટથી માર્ક–૧૫/૧ થી અરજદારની પુત્રી દિપાલી ગણેશ પટેલના

આધારકાર્ડની ઝેરોક્ષનકલ રજુ કરેલ છે. આમ આ કામના અરજદારે જયારે આવી હકીકત નામ.કોર્ટ સમક્ષ સોગંદનામાથી જાહેર કરેલ હોય અને ખોટું સોગંદનામું કરવું તે ફોજદારી ગુન્હો છે તેવી હકીકત અરજદાર જાણતા હોવાનું જયારે જણાવેલ હોય ત્યારે અરજદારની આ હકીકત નહી માનવાને કોઈ કારણ રહેતું નથી.

(૯) આમ હાલની અરજી સંદર્ભે કોઈ વાંધા આવેલા ન હોય હાલની અરજી બિન તકરારી બને છે જેથી અરજદાર તરફે તેઓનું સોગંદનામું તેમજ તેમણે અરજીમાં જણાવેલ સંતાન દિપાલીના પિતા હોઈ પોતાના સંતાનના જન્મ અંગે જે હકીકત જણાવી છે તે ન માનવા માટે કોઈ કારણ નથી તેમજ ઉપર ચર્ચા કરી તે મુજબ અરજદારનું સંતાન પુત્રી દિપાલીની જન્મની નોંધ ખારોઈ ગ્રામપંચાયતમાં થયેલ નથી તેવું તલાટીશ્રીએ રેકર્ડ વેરીફાઈ કરીને સોગંદ ઉપર જાહેર કરેલ છે. આ બાબતે નામદાર ગુજરાત હાઈકોર્ટ ૧૯૯૭ (૨) જી.એલ.આર., પાના નં.૧૧૭૪, **કરીમાબીબી વીડો ડો/ઓ. ગુલામ મહમદ મુસ્તફા વિરૂધ્ધ અંકલેશ્વર મ્યુનીશીપાલીટી** ના ચુકાદામાં પ્રતીપાદન કરવામાં આવેલ સિધ્ધાંતો અનુસાર જન્મની નોંધ સામાવાળાના દફતરે કરાવવા માટે હુકમ કરવામાં આવે તો તે વ્યાજબી અને ન્યાયોચિત જણાતું હોય ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

### -:: આખરી હુ ક મ ::-

**(૧)** આ કામે અરજદાર **ગોવા દેવા ઢાઢી(પટેલ)**ની આંક-૧ ની અરજી જન્મ અને મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે ''**મંજુર**'' કરવામાં આવે છે.

**(૨)** સામાવાળા **જન્મમરણ નોંધણી અધિકારીશ્રી, ખારોઈ ગ્રામ પંચાયત,** તા. ભચાઉ-કચ્છને એવો હુકમ કરવામાં આવે છે કે, આથી નીચેની વિગતે અરજદારના પુત્રી કે જેની વિગત નીચે જણાવેલ છે તેમના નામની જન્મની નોંધ જરુરી લેઈટ ફી લઈને, ખારોઈ ગ્રામપંચાયતે તેના દફતરે નોંધી

આપવી.

| | | | |
|---|---|---|---|
| ૧. | નામ | :– | દિપાલી |
| ૨. | જન્મ તારીખ | :– | તા.૦૧/૦૬/૧૯૭૪ |
| ૩. | જન્મ સ્થળ | :– | ખારોઈ,તા.ભચાઉ,જી.કચ્છ |
| ૪. | જાતિ | :– | સ્ત્રી |
| ૫. | પિતાનું નામ | :– | ગોવા દેવા ઢાઢી(પટેલ) |
| ૬. | માતાનું નામ | :– | રામાબેન ગોવા ઢાઢી |
| ૭. | રાષ્ટ્રીયતા | :– | ભારતીય |
| ૮. | ધર્મ | :– | હિન્દુ |

(૩) અરજદારની પુત્રીની આ અગાઉ કોઈ નોંધ કોઈપણ સ્થળે કોઈપણ રીતે કરાવવામાં આવી હોવાનું પાછળના તબકકે પુરવાર થાય તો આ હુકમ આધારે પાડવામાં આવેલ નોંધ આપોઆપ રદ થયેલ ગણાશે.

(૪) હુકમ મુજબ યાદી કરવી.

હુકમ આજરોજ તારીખ–૨૬મી,માહે–ફેબ્રુઆરી,સને–૨૦૨૧ ના રોજ અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરીને જાહેર કર્યો.

**તારીખ: ૨૬/૦૨/૨૦૨૧.**
**મુકામ :–ભચાઉ–કચ્છ.**

**સહી/–**
**(એમ. પી. ચૌધરી)**
અધિક ચીફ જયુડી.મેજી.,ભચાઉ–કચ્છ
કોડ નં.જી.જે. ૦૦૬૫૩